# ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ

## ડિપ્લોમાથી ડિગ્રી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની જાહેરાત વર્ષ ૨૦૧૪-૨૦૧૫

ગુજરાત રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીમાંથી ઉતીર્ણ થયેલ ત્રણ વર્ષના ડિપ્લોમા કોર્ષના જે વિધાર્થીઓ સંલગ્ન ડિગ્રી કોર્ષમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય અને તે માટેની ન્યૂનતમ લાયકાત) **General Category-5.5 OGPA** તથા **SEBC/ST/SC-5.0 OGPA)** ધરાવતા હોય તેમણે **www.gsauca.in** વેબસાઇટ ઉપરથી તા.૭/૭/૨૦૧૪ થી ૧૦/૭/૨૦૧૪ દરમ્યાન સ્ટેટ બૅંક ઓફ ઈન્ડિયાનું બૅંક ચલણ ઓનલાઈન ભરી તેની પ્રિન્ટ મેળવી સ્ટેટ બૅંક ઓફ ઇન્ડિયાની કોઈપણ શાખામાં ` ૫૦૦ -/આ ચલણથી ભરવાના રહેશે .વધુમાં વિધાર્થીએ જે પોલીટેકનીક ખાતે અભ્યાસ કર્યો હોય તે જ પોલીટેકનીકમાં તા.૯/૭/૨૦૧૪ થી તા.૧૪/૭/૨૦૧૪ સુધીમાં જઇને ફોર્મ ભરી પ્રમાણપત્રોની ચકાસણી કરાવી તે જ પોલીટેકનીકમાં ફોર્મ જમા કરાવવાનું રહેશે .લાયકાત ધરાવતા વિધાર્થીઓના નામ તા.૨૨ /૭ /૨૦૧૪ના રોજ વેબસાઇટ પર મૂકવામાંઆવશે .તે જ વિધાર્થીઓએ તા.૨૮/૭/૨૦૧૪ ના રોજ ૮:30 કલાકે લેખિત પરીક્ષા માટે બં.અ.કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે હાજર રહેવાનું રહેશે .લેખિત પરીક્ષાનું પરિણામ તા..૨૮/ ૭/૨૦૧૪ના રોજ ૧૨.૦૦ કલાકે વેબસાઇટ તેમજ બં.અ.કૃષિ મહાવિધાલય,આકૃયુ,આણંદના નોટિસ બોર્ડ પર મૂકવામાંઆવશે અને ત્યારબાદ ઉતીર્ણ થયેલ વિધાર્થીઓએ મેરીટ ક્રમના આધારે તા. ૨૮ /૭/૨૦૧૪ના રોજ ૧૪.૦૦ કલાકે રૂબરૂ કાઉન્સેલીંગ માટે આચાર્યશ્રીની કચેરી, બં.અ.કૃષિ મહાવિધાલય, આકૃયુ, આણંદ ખાતે ઉપસ્થિત રહેવાનું રહેશે .જ્યાંથી તેઓને સંલગ્ન કોલેજની પ્રવેશ ક્ષમતાને ધ્યાને લઈ મેરીટને આધારે પ્રવેશ આપવામાં આવશે .ત્યારબાદ જરૂરી પ્રમાણપત્રો તેમજ ફી સાથે તા. ૧/ ૮/૨૦૧૪ના રોજ ફાળવવામાં આવેલ કોલેજ ખાતે હાજર થવાનું રહેશે .

તા .3/ ૭/૨૦૧૪ નોડલ અધિકારી (શિક્ષણ) અને કુલપતિ

## ગુજરાત રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાંડીપ્લોમા અભ્યાસક્રમમાં ઉર્તિણ થયેલ વિધાર્થીઓને

## **D to D** અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની અગત્યની સૂચના(રીવાઈઝ)

વિધાર્થીઓએ www.gsauca.in વેબસાઇટ ઉપરથી તા.૭/૭/૨૦૧૪ થી ૧૦/૭/૨૦૧૪ દરમ્યાન સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનું બેંક ચલણ ઓનલાઈન ભરી તેની પ્રિન્ટ મેળવી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની કોઈપણ શાખામાં ` ૫૦૦-/આ ચલણથી ભરવાના રહેશે.વધુમાં વિધાર્થીએ જે પોલીટેકનીક ખાતે અભ્યાસ કર્યો હોય તે જ પોલીટેકનીકમાં તા.૯/૭/૨૦૧૪ થી ૧૪/૭/૨૦૧૪ સુધીમાં જઇને ફોર્મ ભરી પ્રમાણપત્રોની ચકાસણી કરાવી તે જ પોલીટેકનીકમાં ફોર્મ જમા કરાવવાનું રહેશે પ્રવેશ માટેની લાયકાત ધરાવતા વિધાર્થીઓના નામ તા. ૨૨/૭/૨૦૧૪ના રોજ વેબસાઇટ પર મૂકવામાં આવશેતે જ વિધાર્થીઓએ તા.૨૮/૭/૨૦૧૪ના રોજ ૮:૩૦ કલાકે લેખિત પરીક્ષા માટે બં.અ.કૃષિ મહાવિધાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી આણંદ ખાતે હાજર રહેવાનું રહેશે. લેખિત પરીક્ષા **O.M.R.** પધ્ધતિથી લેવાની હોઇ તે માટે જરૂરી **બ્લેક બોલપેન** સાથે હાજર રહેવુ. વધુમાં બેંકમાં ભરેલ ચલણની નકલ તેમજ ફોટો આઇડી. પોતાની સાથે રાખવાનું રહેશે

રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ હસ્તકની પોલીટેકનિક ડિપ્લોમા પરીક્ષા પાસ કરનાર વિધાર્થીઓને જ ડિપ્લોમા માંથી ડિગ્રી અભ્યાસક્રમોમાં નીચે જણાવેલ જે તે ફેકલ્ટીની કોલેજોમાં સ્નાતક કક્ષાએ ત્રીજા સેમેસ્ટરમાં (બીજા વર્ષમાં) પ્રવેશ મેળવવાપાત્ર રહેશે.

| ક્રમ | ડિપ્લોમા કોર્ષ | સ્નાતક પ્રોગ્રામ |
|---|---|---|
| ૧ | કૃષિ ડીપ્લોમા | બી.એસ.સી. (ઓનર્સ) એગ્રી |
| ૨ | એગ્રી કો-ઓપરેશન બેન્કિંગ એન્ડ માર્કેટીંગ ડિપ્લોમા | બી.એસ.સી.(ઓનર્સ)એગ્રી ફકત નવસારી કૃષિ યુનિવર્સિટી માટે જ |
| ૩ | બાગાયત ડિપ્લોમા(હોર્ટીકલ્ચર) | બી.એસ.સી. (ઓનર્સ) હોર્ટીકલ્ચર |
| ૪ | કૃષિ ઇજનેરી ડિપ્લોમા | બી.ટેક (એગ્રી એન્જી.)<br>બી.ટેક. (એફ.પી.ટી. એન્ડ બાયો એનર્જી) |
| ૫ | એગ્રો પ્રોસેસીંગ ડિપ્લોમા | બી.ટેક (એગ્રી એન્જી.)<br>બી.ટેક. (એફ.પી.ટી. એન્ડ બાયો એનર્જી) |
| ૬ | હોમ સાયન્સ ડિપ્લોમા | બી.એસ.સી. (ઓનર્સ) હોમ સાયન્સ એન્ડ ન્યુટ્રીશન |
| ૭ | ન્યુટ્રીશન એન્ડ ડાયેટેટિક્સ ડિપ્લોમા | |

---

## ડિપ્લોમા માંથી ડીગ્રી અભ્યસક્રમોમાં પ્રવેશ માટેની ન્યુનત્તમ લાયકાત

| કેટેગરી | ડિપ્લોમા માંથી ડીગ્રી અભ્યસક્રમોમાં પ્રવેશ માટે ન્યુનત્તમ OGPA |
|---|---|
| GENERAL | 5.5 |
| SEBC | 5.0 |
| ST | 5.0 |
| SC | 5.0 |